# Day to Day Current Affairs
## September – 2015

### ❖ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૫ (બુધવાર)

### 1) ૧૬ સપ્ટેમ્બર :– વિશ્વ ઓઝોન દિવસ

- સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોથી પૃથ્વીને બચાવતા ઓઝોન વાયુના પડને થઈ રહેલા નુકશાનને ઓછું કરવા આ દિવસ ઉજવાય છે.
- પ્રદૂષણના કારણે ઓઝોને ઓસ્ટ્રેલિયા પર સૌથી વધુ નુકશાન પહોંચ્યું છે.
- છેલ્લા ૫૦ વર્ષમાં પૃથ્વીના ધ્રુવો પર ઓઝોન વાયુમાં ૪ ટકા જેટલો ઘટાડો થયો છે.
- કલોરો ફલોરો કાર્બન, કલોરીન અને બ્રોમાઈડ જેવા વાયુઓ ઓઝોન માટે નુકશાનકારક છે.
- પહેલીવાર વર્ષ – ૧૯૮૫માં ઓઝોનના પડમાં છેદ હોવાનું બહાર આવ્યું હતું.

### 2) "ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ" :–

- અમેરિકાના વ્હાઈટ હાઉસ દ્વારા અપાતા પ્રતિષ્ઠિત 'ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ' માટે ભારતીય મૂળની ૧૫ વર્ષીય શ્વેતા પ્રભાકરનની પસંદગી થઈ.
- શ્વેતાનો જન્મ ભારતના તામિલનાડુના તિરૂનેલવેલીમાં થયો હતો.
- તે થોમસ જેફરસન હાઈસ્કુલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં અભ્યાસ કરે છે.
- શ્વેતા 'એવરીબડી કોડ નાઉ' સંસ્થાની સ્થાપક અને સીઈઓ છે.
- આ સંસ્થા યુવાનોને એન્જિનિયર, વિજ્ઞાની અને ઉદ્યોગ સાહસિક થવા પ્રોત્સાહન અને સહાય આપે છે.
- વ્હાઈટ હાઉસ દ્વારા આ એવોર્ડ માટે ૧૧ મહિલાઓની પસંદગી થઈ છે.

### 3) INS – કોચી :–

- ભારતનું ઘર આંગણે વિકસાવેલું સૌથી મોટું યુધ્ધ જહાજ આઈએનએસ – કોચી આ માસના અંતે નેવીમાં સમાવાશે.
- મિસાઈલ નાશક એવું આ જહાજ કોલકાતા કલાસનું છે અને મિસાઈલને તોડી પાડવાની ક્ષમતા ધરાવતું સ્ટિલ્ધ જહાજ છે.
- આ જહાજ રક્ષા મંત્રી દ્વારા ૩૦ સપ્ટેમ્બરે નેવીને અર્પણ થશે.

### 4) સંજીવ સહોતા :–

- પ્રતિષ્ઠિત મેન બૂકર પ્રાઈઝ ફોર ફિકસન માટે ભારતીય મૂળના બ્રિટીશ લેખક સંજીવ સહોતા સહિત છ લેખકો શોર્ટલિસ્ટ થયા.
- આ છ લેખકોના નામો ચેર ઓફ જજિસ માઈકલ વુડ્સ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા.
- સહોતાની પસંદગી તેમના પુસ્તક "ધ યર ઓફ ધ રનવેઝ" માટે કરવામાં આવી છે. પુસ્તકમાં એક જ વિમાનમાં સફર કરતા એવા ૧૩ લોકોની વાત છે જેઓ નવી જિંદગીની શોધમાં છે.

### 5) ગુગલ દેશના ૪૦૦ રેલવે સ્ટેશન પર મફત વાઈફાઈ આપશે.

- તાજેતરમાં ભારતીય રેલવે અને ગુગલ વચ્ચે એક કરાર થયો જેમા ગુગલ દ્વારા દેશના ૪૦૦ રેલવે સ્ટેશન પર મફતમાં વાઈ – ફાઈની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.
- સ્ટેશનો પર પ્રવાસીઓને હોટસ્પોટ કનેકટીવીટી અપાશે.
- આ સુવિધાને 'નિલગીરી' નામ આપવામાં આવ્યું હતું.
- આગામી ૪ મહિનામાં આ સુવિધા ઉપલબ્ધ થશે.

### 6) રાજકોટમાં ગાંધીજીના જિવનચરિત્ર પર મ્યુઝિયમ બનશે. :–

- રાજકોટમાં ગાંધીજીના જિવન ચરિત્ર સાથે સાંકળતું વિશ્વકક્ષાનું એક મ્યુઝિયમ બનાવવામાં આવશે.
- આ મ્યુઝિયમ માટે ગાંધીજી જે સ્કુલમાં ભણ્યા હતા તે આલ્ફ્રેડ સ્કુલની પસંદગી કરાઈ છે.
- આ મ્યુઝિયમમાં અંદાજીત ૫ કરોડનો ખર્ચ થશે.
- મ્યુઝિયમમાં ગાંધીજી ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ અને નરસિંહ મહેતાના જિવન ચરિત્રની ઝાંખીને પણ રજુ કરાશે.

### 7) એમ. એસ. સુબ્બાલક્ષ્મી :–

- આજે ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ દક્ષિણ ભારતના ગાયિકા એમ. એસ. સુબ્બાલક્ષ્મીની ૯૯ મી જન્મજયંતી છે.
- તેમનો જન્મ ૧૬ સપ્ટેમ્બર, ૧૯૧૬ના રોજ થયો હતો
- કર્ણાટક સંગીતના જાણકાર સુબ્બાલક્ષ્મીએ વર્ષ – ૧૯૨૬માં માત્ર ૧૦ વર્ષની વયે પ્રથમ ગીત રેકોર્ડ કર્યુ હતું
- આ વર્ષે તેમની ૧૦૦ મી જન્મજયંતી છે જે નિમિતે અલગ – અલગ કાર્યક્રમો દેશભરમાં આયોજન કરવામાં આવ્યા છે.
- તેમની કાબેલિયત અને લોકપ્રિયતાના લીધે તેમને 'ભારતરત્ન'થી પણ નવાજવામાં આવ્યા હતા.
- વર્ષ ૨૦૦૪માં આ મહાન ગાયીકાનું અવસાન થયું હતું.

### 8) દુનિયાની ટોચની ૧૦૦ યુનિવર્સિટીની યાદી :–

- પ્રથમવાર ભારતની બે સંસ્થાઓ વિશ્વની સર્વશ્રેષ્ઠ યુનિ.ની યાદીમાં સામેલ.
- આ યાદીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ, બેંગાલુરૂને ૧૪૭ મું સ્થાન પ્રાપ્ત થયું.

Vivekanand Academy Gandhinagar

- જયારે આ યાદીમાં સામેલ અન્ય ઈન્સ્ટિટયુટ તરીકે ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, દિલ્હીનો સામવેશ થયો છે જે આ યાદીમાં ૧૭૯માં ક્રમે રહી છે.
- કયૂએસ વર્લ્ડ યુનિ. રેન્કિંગ, ૨૦૧૫ પ્રમાણે ૧૪ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટનો વર્લ્ડ યુનિ. રેન્કિંગ્સમાં સમાવેશ થાય છે.
- આ યાદીમાં વિશ્વની ટોચની યુનિ. તરીકે માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (MIT) નો સમાવેશ થયો છે.
- દુનિયાના કુલ ૩૪ દેશોની યુનિવર્સિટીઝને ટોપ – ૨૦૦માં સ્થાન મળ્યું છે.

## 9) ડાવે બ્રાઉની :– ઓસ્ટ્રેલિયન બોકસર

- ડાવે બ્રાઉની જુનિયર આઈબીએફ સુપર ફેધરવેઈટ પ્રાતિય ફાઈટ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો અને ચાર દિવસ બાદ તેનું નિધન થયું.

Vivekanand Academy, Gandhinagar